# દ્વિતિય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૭

તારીખ : ૨૨/૦૪/૨૦૧૭    ધોરણ-૬    સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : શનિવાર    વિષય : સામાજિક વિજ્ઞાન    કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નંબર : ________

---

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

---

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(1) ઋચાઓના સમૂહને .......... કહે છે.

(અ) સ્તુતિ (બ) સુક્ત (ક) શક્તિ (ડ) કવિતા

(2) યુદ્ધના દેવતા .......... છે.

(અ) અગ્નિ (બ) બ્રહ્મા (ક) ઈન્દ્ર (ડ) સોમ

(3) નીચેના પૈકી કયુ રાજ્ય સૌથી વધુ શક્તિશાળી હતું ?

(અ) અવંતિ (બ) મગધ (ક) કોસલ (ડ) વત્સ

(4) ગણરાજ્યોની રાજ્ય વ્યવસ્થા કયા સ્વરૂપની હતી ?

(અ) લોકશાહી (બ) રાજાશાહી (ક) સામંતશાહી (ડ) પ્રમુખશાહી

(5) મહાવીર સ્વામીનું મૂળનામ શું હતું ?

(અ) જિનમાન (બ) બુધ્ધિમાન (ક) વર્ધમાન (ડ) સિધ્ધાર્થ

(6) મહાવીર સ્વામીએ કેટલા વ્રત આપ્યાં છે ?

(અ) ત્રણ (બ) ચાર (ક) પાંચ (ડ) નવ

(7) ગૌતમબુદ્ધે સૌ પ્રથમ ઉપદેશ કયાં આપ્યો હતો ?

(અ) બોધીગયા (બ) સારનાથ (ક) વૈશાલી (ડ) મગધ

(8) ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયા જિલ્લામાં આવેલો છે ?

(અ) અમરેલી (બ) જૂનાગઢ (ક) સુરેન્દ્રનગર (ડ) પાટણ

(9) કયા યુદ્ધમાં વિજય મેળવ્યા પછી અશોકનું હૃદયપરિવર્તન થયું ?

(અ) ઉજ્જૈનના (બ) તક્ષશિલાના (ક) કલિંગના (ડ) કૌશમ્બીના

(10) કયા રાજાએ ગુપ્ત સંવત શરૂ કર્યો હતો ?

(અ) નરસિંહ ગુપ્તે (બ) સમુદ્રગુપ્તે

(ક) ચંદ્રગુપ્ત પહેલાએ (ડ) શ્રીગુપ્તે

Scanned by CamScanner

**(બ) નીચેના પ્રશ્નોના એક-બે વાકયમાં જવાબ લખો.** (5)

(1) મૃતદેહોની સાથે કઇ વસ્તુઓ દફનાવવામાં આવતી ?

(2) ઇનામગામમાંથી પુરાતત્વવિદોને કયા અનાજના બી મળ્યાં છે ?

(3) 'જનપદ' નો શો અર્થ થાય છે ?

(4) ગૌતમબુદ્ધના માતા-પિતાના નામ જણાવો.

(5) આર્યભટ્ટે ગણિતમાં કઇ શોધ કરી હતી ?

**પ્રશ્ન-2 (અ) યોગ્ય જોડકાં જોડો.** (5)

| | 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|---|
| ☐ | (1) અશોકનો શિલાલેખ | (1) પાટલિપુત્ર |
| ☐ | (2) ભારતની રાજમુદ્રા | (2) સમ્રાટ અશોક |
| ☐ | (3) મગધ સામ્રાજયનો સ્થાપક | (3) હાલનું ઓરિસ્સા |
| ☐ | (4) મગધ સામ્રાજયની રાજધાની | (4) ગિરનારની તળેટી |
| ☐ | (5) મગધ સામ્રાજયનો વિસ્તાર કરનાર | (5) સારનાથનો સિંહસ્તંભ |
| | | (6) ચંદ્રગુપ્તમૌર્ય |

**(બ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાકયમાં લખો. (ગમે તે પાંચ)** (10)

(1) ગૌતમ બુદ્ધે શો ઉપદેશ આપ્યો હતો ?

(2) આચાર્ય વિદ્યાર્થીઓને ઋચાઓ કેવી રીતે શીખવતા ?

(3) મહાજનપદના શાસકો મજબુત કિલ્લાઓ શા માટે બનાવતા ?

(4) કલિંગનું યુદ્ધ પુરુ થયા પછી યુદ્ધભૂમિ પર અશોકે શું જોયું ?

(5) સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે શું કર્યું ?

(6) વેદો કેટલા છે ? કયા કયા ?

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (6)

(1) ગ્રામ પંચાયતના વડાને શું કહે છે ?

(અ) સભાપ્રમુખ (બ) ગ્રામપંચ (ક) સરપંચ (ડ) પ્રમુખ

(2) તાલુકા પંચાયતના વહીવટી વડાને શું કહે છે ?

(અ) તાલુકા પ્રમુખ (બ) તલાટી

(ક) તાલુકા વિકાસ અધિકારી (ડ) સચિવ

(3) જિલ્લા પંચાયતમાં ઓછામાં ઓછા કેટલા સભ્ય હોય છે ?

(અ) 31 (બ) 21 (ક) 61 (ડ) 51

Scanned by CamScanner

(4) ગુજરાત રાજ્યની વિધાનસભા કયાં આવેલી છે ?

(અ) પાટણ (બ) અમદાવાદ (ક) ગાંધીનગર (ડ) સુરત

(5) મેયરની ચૂંટણી દર કેટલા વર્ષે થાય છે ?

(અ) અઢી વર્ષે (બ) પાંચ વર્ષે (ક) દર વર્ષે (ડ) છ વર્ષે

(6) ભારતના દરેક નાગરિકને કેટલા વર્ષની ઉંમરે મતદાનનો અધિકાર મળે છે ?

(અ) 20 (બ) 15 (ક) 18 (ડ) 10

**(બ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) આપણને કયા કયા હકો મળેલ છે ?

(2) આપણી ફરજો કઇ કઇ છે ?

(3) ગ્રામપંચાયત કયાં કયાં કાર્યો કરે છે ?

(4) તાલુકા પંચાયતના આવકનાં સાધનો કયા કયા છે ?

**(ક) ખાલીજગ્યા પૂરો** (8)

(1) જિલ્લા પંચાયતના વડાને ............ કહે છે.

(2) ગ્રામપંચાયતના વહિવટી વડાને ............ કહે છે.

(3) ગુજરાત રાજયનું પાટનગર ............ છે.

(4) ગુજરાત રાજયના હાલના મુખ્યમંત્રી ............ છે.

(5) તાલુકા પંચાયતના વહિવટીવડાની નિમણૂંક ............ કરે છે.

(6) મહાનગરપાલિકામાં ............ કમિટિ સૌથી મહત્વની છે.

(7) નગરપાલિકાએ ............ સ્વરાજયની સંસ્થા છે.

(8) આપણા દેશમાં જાતિ, ધર્મ અને લિંગને ............ ગણવાનો અધિકાર છે.

**પ્રશ્ન-4 (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.** (10)

(1) ગુજરાતમાં કયા મહિનામાં સૌથી વધુ ગરમી પડે છે ?

(અ) ઓગસ્ટ (બ) મે (ક) ફેબ્રુઆરી (ડ) જુલાઇ

(2) દાંતીવાડા યોજના કઇ નદી પર આવેલી છે ?

(અ) બનાસ (બ) સાબરમતી (ક) તાપી (ડ) સરસ્વતી

(3) ગુજરાતની સૌથી મહત્વની સિંચાઇ યોજના કઇ છે ?

(અ) ધરોઇ યોજના (બ) નર્મદા યોજના (ક) સીપુ યોજના (ડ) ઉકાઇ યોજના

(4) ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે ?

(અ) ભાવનગર (બ) વડોદરા (ક) મહેસાણા (ડ) બનાસકાંઠા

(5) કયા ઉત્સવની ઉજવણી માટે ગુજરાત વિશ્વભરમાં પ્રસિદ્ધ છે ?

(અ) નાતાલ (બ) પર્યુષણ (ક) નવરાત્રિ (ડ) હોળી

Scanned by CamScanner

(6) ગુજરાતમાં મોટામાં મોટો શિવરાત્રીનો મેળો કયા સ્થળે ભરાય છે ?

(અ) અંબાજી (બ) ભવનાથ (ક) સિધ્ધપુર (ડ) શામળાજી

(7) વરસાદ ન પડે કે ખૂબ ઓછો પડે તેવી સ્થિતિને ............. આપત્તિ કહેવામાં આવે છે.

(અ) દુકાળ (બ) દાવાનળ (ક) ત્સુનામી (ડ) પૂર

(8) અકસ્માત સમયે આપણે ......... નંબર ડાયલ કરી મદદ મેળવી શકીએ છીએ.

(અ) 208 (બ) 108 (ક) 101 (ડ) 500

(9) એન્ટાર્કટિકા ખંડને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(અ) પેંગ્વિન ભૂમિ (બ) ગ્રાનચાકો ભૂમિ (ક) કાંગારુ ભૂમિ (ડ) મરુ ભૂમિ

(10) ઓસ્ટ્રેલિયાના મધ્યભાગમાંથી કયુ વૃત્ત સાર થાય છે ?

(અ) દક્ષિણ ધ્રુવવૃત્ત (બ) વિષુવવૃત્ત (ક) કર્કવૃત્ત (ડ) મકરવૃત્ત

**(બ) નીચેના વિધાનોમાંથી સાચા વિધાનો સામે '✓' ની અને ખોટા વિધાનો સામે 'X' ની નિશાની કરો.** (5)

(1) ઉનાળામાં જાંબુ ખાવાની ખૂબ મજા પડે છે.

(2) વૃક્ષો વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડની માત્રા વધારે છે.

(3) પેટ્રોલ અને ડીઝલ ખનીજ તેલમાંથી મળે છે.

(4) સૌરાષ્ટ્રમાં ઘણા લોકો ભૂંગામાં રહે છે.

(5) ત્સુનામી માનવસર્જિત આપત્તિ છે.

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં જવાબ લખો. (ગમે તે પાંચ)** (10)

(1) એન્ટાર્કટિકા ખંડમાં વનસ્પતિનો વિકાસ કેમ થતો નથી ?

(2) પેંગ્વિન ભારતના પ્રાણી સંગ્રહાલયોમાં શા માટે જોવા મળતું નથી ?

(3) તમારા ગામમાં કઈ કઈ વિવિધતાઓ છે ?

(4) ગુજરાતમાં મુખ્યત્વે કયા કયા પાકોની ખેતી થાય છે ?

(5) ભૂકંપ વખતે બચાવ માટે તમે કઈ કઈ કાળજી રાખશો ?

(6) નદીઓ પર ડેમ શા માટે બાંધવામાં આવે છે ?

**(બ) ગુજરાતના નકશામાં નીચે આપેલા સ્થળો દર્શાવો.** (5)

(1) બનાસનદી (2) ખંભાતનો અખાત

(3) કંડલા બંદર (4) કર્કવૃત્ત

(5) સાસણગીર અભ્યારણ્ય

Scanned by CamScanner